GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

# શિક્ષણમાં મૂલ્યોનું મહત્વ

**ડૉ. યોગેશકુમાર આર. પરમાર**

એસોસિયેટ પ્રોફેસર,

શ્રીમતી એસ. આઈ. પટેલ ઈપ્કોવાલા

કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ.

---

**સારાંશ**

છેલ્લા સાઠ–સિત્તેર દાયકામાં ભારત સાથે અન્ય ઘણા બધા દેશ એક – બે શતકની લાંબી શાસકીય ગુલામીમાંથી મુક્ત થઈ પોતાની વિકાસલક્ષી આગવી ઓળખ ઊભી કરી રહ્યા છે. ગઈ કાલ સુધી કમ્પ્યુટર સાથે Use To થવા મથતા માણસની; હવે AI (Artificial Intelligent) એ કમાન – ધૂરા સંભાળવા માંડી છે. જીવનયાપનના મોટા ભાગના ક્ષેત્રોમાં હવે AI એ પોતાનું આધિપત્ય ઊભું કરવા માંડ્યું છે એટલું જ નહીં; પરંતુ એક નિપૂર્ણ માણસ બની સામાન્ય વ્યક્તિ માટે સમસ્યા સમાધાનના માર્ગો ચીંધવાની સાથે – સાથે, સફળતાના શિખરો સર કરાવવાની અદની ભૂમિકા ભજવી રહ્યું છે.

બીજી આપણે અનેક ઉપગ્રહો છોડ્યા પણ પૂર્વગ્રહ છોડવામાં જાણે કે પાછળ છીએ. વિકાસની વાતો કરતું ભારત આજે રોજરોજ જાણે બદીઓના ભરડામાં ફસાતું – કસાતું જતું હોય તેમ ભાસે છે. પ્રવર્તમાન સમયમાં જ્યાં જુઓ ત્યાં લોકમુખે એક જ ફરિયાદ છે કે; અબાલવૃદ્ધ અવળે માર્ગે સરકતું જતું લાગે છે. લોકોમાં સંસ્કારો અને માનવમૂલ્યોનો અભાવ વર્તાય છે. વ્યક્તિ સમષ્ટિકલ્યાણ છોડીને સ્વકલ્યાણ તરફ વળ્યો હોય તેમ લાગે છે. ક્યાંકને ક્યાંક વ્યક્તિમાં સ્વાર્થની તીવ્રતાએ જોર પકડ્યું હોય તેમ લાગે છે; માત્ર ભારતમાં જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે વિચારીએ AI ની વાતો કરતો માનવ; માનવ બનવાને બદલે પોતાની દાનવીય(આસુરી) વૃત્તિમાં પાછો ગમન કરતો હોય તેમ લાગે છે. અને જો આમ અને આમ ચાલતું રહ્યું; તો પૃથ્વી સ્વર્ગને બદલે નરક બનશે. પૃથ્વી પર સુખ – ચેન અને નિજાનંદને

બદલે અત્ર – તત્ર સર્વત્ર આસુરોનું સામ્રાજ્ય હશે. આવી ઊભી થનાર વિકટ પરિસ્થિતિમાંથી આપણને માત્ર શિક્ષક અને શિક્ષણ જ બહાર લાવી શકે છે. મૂલ્યલક્ષી શિક્ષણ જ ભવિષ્યલક્ષી વિકટ પરિસ્થિમાંથી બચવાનો રામબાણ ઈલાજ છે.

પ્રસ્તુત અભ્યાસ પેપર (પ્રપત્ર)માં આભ્યાસક દ્વારા ઉપર્યુક્ત વિકટ પરિસ્થિતિ સંબંધે ચિંતા વ્યક્ત કરવાની સાથે કેટલાંક પાયાંના મૂલ્યો અને તેના વિકાસ થકી ઉત્કૃષ્ટ – ઉમદા સમાજ નિર્માણની પરિકલ્પના કરવામાં આવી છે.

**પ્રસ્તાવના**

એક તરફ વિશ્વસ્તરે જોવા જઈએ તો છેલ્લા સાઠ–સિત્તેર દાયકામાં ભારત સાથે અન્ય ઘણા બધા દેશ એક – બે શતકની લાંબી અંગ્રેજોની શાસકીય ગુલામીમાંથી મુક્ત થઈ પોતાની વિકાસલક્ષી આગવી ઓળખ ઊભી કરી રહ્યા છે. જ્યાં – જ્યાં અગવડતા આવી ત્યાં – ત્યાં તે સગવડતા ઊભી કરતો જાય છે. સ્વગ્રહ (પૃથ્વી) છોડીને પરગ્રહ પર વસવાટ કરવાના શમાણાં સેવતો થયો છે, અને એક ગામથી બીજે ગામ મુસાફરી કરતા હોઈએ; તેમ નભમંડળના અન્ય ગ્રહ આવાગમન કરતો થયો છે. આજે વૈશ્વિક માનવે ભૌતિકલક્ષી પ્રગતિના ઊતુંગ શિખરો સર કરવા માંડ્યા છે. ગઈ કાલ સુધી કમ્પ્યુટર સાથે Use To થવા મથતા માણસની હવે AI (Artificial Intelligent) એ કમાન – ધૂરા સંભાળવા માંડી છે. જીવનયાપનના મોટા ભાગના ક્ષેત્રોમાં હવે AI એ પોતાનું આધિપત્ય ઊભું કરવા માંડ્યું છે એટલું જ નહીં; પરંતુ એક નિપૂર્ણ માણસ બની સામાન્ય વ્યક્તિ માટે સમસ્યા સમાધાનના માર્ગો ચીંધવાની સાથે – સાથે, સફળતાના શિખરો સર કરાવવાની અદની ભૂમિકા ભજવી રહ્યું છે.

બીજી તરફ બે – બે શતકની અંગ્રેજોની શાસકીય ગુલામીમાંથી મુક્ત ભારતે અનેક ઉપગ્રહો છોડ્યા પણ પૂર્વગ્રહ છોડવામાં જાણે કે એ પાછળ રહી ગયું. વિકાસની વાતો કરતું ભારત આજે રોજરોજ જાણે બદીઓના ભરડામાં ફસાતું – કસાતું જતું હોય તેમ ભાસે છે. પ્રવર્તમાન સમયમાં જ્યાં જુઓ ત્યાં લોકમુખે એક જ ફરિયાદ છે કે; અબાલવૃદ્ધ અવળે માર્ગે સરકતું જતું જાય છે. લોકોમાં સંસ્કારો અને માનવમૂલ્યોનો અભાવ વર્તાય છે. વ્યક્તિ સમષ્ટિકલ્યાણ છોડીને સ્વકલ્યાણ તરફ વળ્યો હોય તેમ લાગે

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

છે. ક્યાંકને ક્યાંક વ્યક્તિમાં સ્વાર્થની તીવ્રતાએ જોર પકડ્યું હોય તેમ લાગે છે; માત્ર ભારતમાં જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે વિચારીએ AI ની વાતો કરતો માનવ; માનવ બનવાને બદલે પોતાની દાનવીય(આસુરી) વૃત્તિમાં પાછો ગમન કરતો હોય તેમ લાગે છે. અને જો આમ અને આમ ચાલતું રહ્યું તો પૃથ્વી સ્વર્ગને બદલે નરક બનશે. પૃથ્વી પર સુખ – ચેન અને નિજાનંદને બદલે અત્ર – તત્ર સર્વત્ર આસુરોનું સામ્રાજ્ય હશે. આવી ઊભી થનાર વિકટ પરિસ્થિતિમાંથી માત્ર શિક્ષક અને શિક્ષણ જ બહાર લાવી શકે છે. મૂલ્યલક્ષી શિક્ષણ જ ભવિષ્યલક્ષી વિકટ પરિસ્થિમાંથી બચવાનો રામબાણ ઈલાજ છે.

વિદ્યાર્થી સદૈવ અનુસરણીય અને અનુકરણીય છે. તે શિક્ષકને પોતાનો આદર્શ માની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જાણે – અજાણે તેમની પાસેથી શીખેલ – દીઠેલ જીવન વ્યવહારને પોતાના જીવન વ્યવહારમાં લાવે છે. બીજા શબ્દોમાં કહેવું હોય તો તે પ્રકારે પોતાનું વર્તન કરે છે. જો આપણે એમ ઈચ્છતા હોઈએ કે આજનો વિદ્યાર્થી આવતી કાલે સમાજનો એક ઉમદા નાગરિક બને તો શિક્ષકે પોતાના જીવન વ્યવહારમાં કેટલાક મૂલ્ય અપનાવવાં પડશે. અને તેને આચરણમાં મૂકવાં પડશે. ગુજરાતીમાં એક કહેવત છે – “કૂવામાં હોય તો હવાડામાં આવે.” કૂવો અર્થાત્ શિક્ષક – શિક્ષણ. જો શિક્ષક કે શિક્ષણ જ ખાલીખમ કે છીછરું હશે; તો વિદ્યાર્થીમાં એ અપેક્ષા રાખવી એ ‘ઝાંઝવાના જળ’ સમાન બની રહેશે. માટે શિક્ષકે મૂલ્યોનું મહત્વ સમજી આવતીકાલના ઉજ્વળ ભવિષ્ય નિર્માણ માટે પોતાના જીવન વ્યવહારમાં અપનાવવા – અમલમાં લાવવા જેવા કેટલાક મૂલ્યો આ પ્રમાણે છે.

❖ રાષ્ટ્રભક્તિ :

રાષ્ટ્ર ભક્તિ એટલે કે રાષ્ટ્ર પ્રતિ આપણી કર્તવ્ય નિષ્ઠા. દેશના વિકાસ માટે સાચી દિશામાં આપનું મહત્તમ યોગદાન એટલે રાષ્ટ્રભક્તિ. શિક્ષકે સૌપ્રથમ સ્વયં પોતે; પોતાના વ્યવસાય પ્રતિ નિષ્ઠા બજાવવી પડશે અને તેને આધારે ક્રમશ: ઘર, શાળા અને સમાજ સાથે અને એમ દેશ પ્રતિ પોતાની નિષ્ઠા બજાવવી પડશે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

❖ રાષ્ટ્રીય એકતા :

પૂર્વાનુભવ આધારે આપણે સૌ જાણીએ છીએ કે જ્યાં–જ્યાં ગૃહ કંકાસ અને હુંસાતુંશી છે ત્યાં–ત્યાં હંમેશા અધોગતિ જ રહી છે. માટે આપણે આપણા ઘરથી શરૂઆત કરીને પરિવાર, સમાજ સાથે સંસ્થામાં અને એ પ્રમાણે રાષ્ટ્ર એકતા જળવાઈ તે માટેના શિક્ષકે સુચારુ પ્રયાસ કરવા પડશે. પોતે રાષ્ટ્રીય એકતામાં માનવાની સાથે તેના માટે પ્રબળ ઈચ્છુક રહેવું પડશે.

❖ સર્વ ધર્મ સમભાવ

ભારત એ બિન સાંપ્રદાયિક રાષ્ટ્ર છે ભારતના દરેક નાગરિકને પોતાના વિચાર મૂકવાની અને પોતાના ઈચ્છા અનુસાર ધર્મ પાળવાની સંપૂર્ણ સ્વતંત્રતા – સ્વાયત્તતા છે અને આપણા સૌ ધર્મમાં તત્વદર્શનના ચશ્મા પહેરીને જોઈએ તો ચોક્કસ માલૂમ પડશે કે; દરેક ધર્મ એ માણસને માનવ બનાવા પ્રેરે છે. કોઈ ધર્મ માણસમાં મૂલ્યહિનતા પેદા કરતો નથી; માટે થઈને દરેક ધર્મ એ સનાતન ધર્મ જ છે; એમ માનવું રહ્યું. અને દરેક ધર્મને અને દરેક ધર્મના લોકોની સાથે આદરભાવ રાખવો રહ્યો. દરેક ધર્મની સ્વીકૃતિ કરી દરેક ધર્મના લોકો સાથે સમાનતાના ધોરણ અપનાવવાં જ જોઈએ. શિક્ષકે હંમેશા પોતાની સંસ્થામાં અને એમ; પોતાના વર્ગમાં આવતા આ તમામ જુદા–જુદા ધર્મના લોકો સાથે આદર, સત્કાર અને સમભાવ રાખવા પડશે.

❖ સ્ત્રી પુરુષ સમાનતા :

'પુરુષ સમોવડી સ્ત્રી' એમ; હાલ જ્યાં જુઓ ત્યાં આપણે ખૂબ મોટા–મોટા બણગાં ફૂંકતા આવ્યા છીએ. પણ વાસ્તવમાં શું આજે પણ સ્ત્રીને પુરુષની સમોવડી માનવામાં આવે છે કે કેમ ? – આ ઉપર એક મોટું પ્રશ્નાર્થ છે. પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીને આજે પણ ઊતરતી માનવામાં આવે છે. ક્યાંક ને ક્યાંક તેના માન સન્માનને ઠેસ પહોંચે તેવા વર્તન વ્યવહાર કરવામાં આવે છે. શિક્ષકે આ બાબતે ખૂબ જ સભાનતા દાખવવાની જરૂર છે. પોતાના પરિવારમાં મા–બહેનથી લઈ જાહેર ક્ષેત્રની સહપાંથી અને સામાન્ય પરિચારિકા સાથે પણ સૌ સમાન; એવો

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

વ્યવહાર અપનાવો પડશે. વિદ્યાર્થીઓ સાથે પણ છોકરા અને છોકરીઓ એમ ભેદભાવ ન રાખતા બધાંને એક સમાન ધોરણે સ્નેહ અને ને વાત્સલ્ય પીરસવાં પડશે.

❖ શ્રમ પ્રતિષ્ઠા :

પ્રવર્તમાન સમયમાં શિક્ષક ધીરે – ધીરે જાણે કે આળસુ થતો હોય; એમ આપણને ભાસી રહ્યું છે. ઠેક – ઠેકાણે શિક્ષક પોતાના મૂળ કામથી ફારેક થઈ અન્ય કામમાં પોતાની વ્યસ્તતા વધારતો હોય તેવું લાગે છે. શિક્ષણ આપવું અને લોકોને શિક્ષિત કરવા એ શિક્ષકનું મૂળ ધર્મ અને કર્તવ્ય છે; અને તેને માટે જ પરિશ્રમ કરવો એ તેને માટે મૂળભૂત બાબત છે. શિક્ષકે પોતાના વિદ્યાર્થીના કલ્યાણ અર્થે અને પોતાના વ્યવસાય પ્રત્યે પ્રામાણિક બનવું પડશે. શિક્ષણ ગુણવત્તા સુધારણા માટે મહત્તમ પ્રયાસો હાથ ધરવા પડશે.

❖ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ :

વર્તમાન સમયમાં ક્યાંક ને ક્યાંક વ્યકિત – સમાજ કોઈકને કોઈક રીતે વ્યક્તિગત, સામાજિક, ધાર્મિક કે રાજકીય બાબતોમાં શંકા – કુશંકા, અંધશ્રદ્ધા – અતિશ્રદ્ધા વગેરે જેવા ગેરમાર્ગે દોરવાતા તો હોય તેવું લાગી રહ્યું છે. સમાજમાં અંધશ્રદ્ધાએ જોર પકડવા માંડ્યું છે. સામાજિક ધાર્મિક કે રાજકીય આગેવાનો પ્રતિ અંધભક્ત બની તેમની પૂજા કરતા માલૂમ પડી રહ્યા છે. તેવા સમયમાં શિક્ષકે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અપનાવી, અત્ર – તત્ર – સર્વત્ર જે કંઈ થઈ રહ્યું છે; તે સઘળું કાર્ય – કારણના સિદ્ધાંત આધારિત જ છે તેમ સ્વીકારવું જ પડશે અને અંધભક્તિમાંથી બહાર નીકળી પોતાની આસપાસ થતી બાબતો કે સમસ્યાઓ સંદર્ભે કાર્યકારણના સિદ્ધાંત આધારિત સમસ્યા ઉદ્‌ભવવાના કારણો શોધી, નડતરરૂપ ખોટી બાબતોને દૂર કરી તેમાંથી સમાધાનના માર્ગો શોધવા પડશે અને એમ બહાર આવવું પડશે. સાથે – સાથે પોતાનો વિદ્યાર્થી પણ પોતાના જીવનમાં આવતા અવરોધો અને સમસ્યાઓના સમાધાન સંબંધી એમ જ કરે; તેવા પ્રયાઓ હાથ ધરવા પડશે.

GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

❖ સૌજન્ય શીલતા :

'મને કોઈ ટાંકણી ભોંકે છે અને જે દર્દ – પીડા મને થાય છે; તે જ દર્દ અને પીડા હું અન્ય કોઈને ટાંકણી ભોંકુ છું ત્યારે તેને પણ થાય છે' – આ ભાવ, આ લાગણી શિક્ષકે પોતાના મનમાં ઠસાવી લેવાની છે. તેણે પોતાના વિદ્યાર્થીઓ સાથે કે સહકર્મીઓ સાથે સૌજન્યપૂર્ણ વ્યવહાર – વર્તન કરવાં પડશે. 'કણ – કણમાં રામ' એમ; 'નર – નરમાં નરેશ'; એ ભાવના સાથે દરેક વ્યક્તિમાં ઈશ્વર છુપાયેલો છે અને તેનો આદર – સત્કાર કરવો; એ મારી ફરજ છે; એમ માની તેણે દરેકને સાથે સમભાવપૂર્ણ, સૌજન્યસભર વર્તન વ્યવહાર કરવો પડશે.

❖ વ્યવસ્થિતા :

પોતાને સોંપવામાં આવેલ કાર્ય પ્રતિ પ્રમાણિત હોવું, પોતાની જવાબદારી ખૂબ સારી રીતે બખૂબી નિભાવવી, બીજાઓનું ધ્યાન રાખવું, શિસ્તમાં ચોકસાઈ જાળવવી અને પોતાના કામમાં ચીવટ રાખવી; સાથે – સાથે પોતાના વાણી, વ્યવહાર અને વર્તનમાં સભાનતા દાખવી એ વ્યવસ્થિતતા છે. શિક્ષકે આ દરેક બાબતમાં આગળ વધવાની જરૂરિયાત છે. શિક્ષકે હંમેશા પ્રમાણિકપણે પોતાના વ્યવસાય પ્રતિ પ્રીતિ દાખવી પોતાના કાર્ય પ્રતિ વફાદાર બનવું પડશે. અને પોતાની જવાબદારી બખૂબી નિભાવવી પડશે. પોતે સ્વયંશિસ્ત દાખવી સંયમિત વર્તન વ્યવહાર કરવા પડશે. પોતાના આચાર – વિચાર અને વ્યવહારમાં; સાથે – સાથે વાણીમાં પણ સંયમ દાખવવો પડશે અને એમ; વિદ્યાર્થી માટે અનુકરણીય ઉદાહરણ પૂરું પાડવું પડશે.

❖ નેતૃત્વ :

**शिक्षक कभी साधारण नहीं होता; प्रलय और निर्माण उनकी गोद में पलते हैं।** શિક્ષકે સામાજિક આગેવાન બની; સમાજને એક નવી દિશા, એક નવો માર્ગ ચીંધવો પડશે. સામાજિક ઉત્થાન માટેના સતત અવિરત પ્રયત્નો કરવા પડશે. આ માટે તેણે સામાજિક નેતૃત્વ ધારણ કરવું જ રહ્યું. પરંતુ, આજે શિક્ષક સામાજિક ઉન્નમૂલનને બદલે; પોતાના વ્યક્તિગત સ્વાર્થ અને વિકાસ સંતોષવા માટે નેતૃત્વ ધારણ કરતો માલુમ પડે છે. પોતે તો ખાડામાં જાય જ છે; પરંતુ

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

સાથે – સાથે અન્યને પણ તે ખોટે માર્ગે દોરી જાય છે. શિક્ષકે આવી વટાળ પ્રવૃત્તિઓથી બહાર આવી ચોક્કસ દિશાના અને સાચા; સમાજ અને રાષ્ટ્ર નિર્માણ માટેના પ્રયત્નો હાથ ધરવા પડશે. લોકોને સાચે માર્ગે વાળવા માટે તેમને નવી દિશા આપવી પડશે; અને આ સઘળું એક સારો આદર્શ નેતા જ કરી શકે. શિક્ષકે પોતાનાથી પર સમાજ અને રાષ્ટ્રના ઉત્થાન માટે એક સારો નેતા બનવાની આવશ્યકતા છે.

❖ અહિંસા :

શાસ્ત્રોમાં ખુબ સરસ અને સ્પષ્ટ રીતે લખાયેલું છે. – **अहिंसा परमो धर्म** । કોઈકને માર મારવો અને તેને શારીરિક હાનિ પહોંચાડવી એ જ માત્ર હિંસા નથી; પરંતુ કોઇકને શારીરિક અને માનસિક રીતે કોઈને કષ્ટ થાય તેવો દૂર વ્યવહાર કરવો એ પણ હિંસા નો જ પર્યાય છે. શિક્ષક પોતાની લાગણી – ઈચ્છા ન સંતોષાય તો તે અન્ય પાસેથી બળજબરીપૂર્વક સંતોષાય તેવા પ્રયાસ કરે છે. જો વિદ્યાર્થીઓ વર્ગમાં શાંત ન રહે અથવા તો યોગ્ય પ્રતિસાદ ન આપે તો તેની સામે શિક્ષા કે બળનો પ્રયોગ કરે છે તો ક્યારેક તેની માનહાનિ થાય તેવા ઉચ્ચારણ – વ્યવહાર કરે છે. શિક્ષકે વર્ગખંડ – શાળામાં વિદ્યાર્થી સાથે શારીરિક અને માનસિક દૂરવ્યવહારરૂપી બળપ્રયોગ કે ઉચ્ચારણ વ્યવહાર આચરવાને બદલે વિદ્યાર્થી અને સહકર્મી સાથે વિધાયક અને હકારાત્મક પ્રયત્નો હાથ ધરવા પડશે. શિક્ષકે પોતાના વર્તન વ્યવહારમાં એવી પદ્ધતિ, પ્રવિધિ કે પ્રયુક્તિ અપનાવી પડશે; જેને કારણે વિદ્યાર્થી આપોઆપ અપેક્ષિત વર્તન કરે. સાથે – સાથે સ્વયં શિસ્ત અને નિયમમાં રહે.

❖ સ્વચ્છતા :

એક ધર્મશાસ્ત્રમાં લખાયેલું છે કે – "આપણું શરીર એ તો જીવતા દેવનું મંદિર છે." જો આપણે આપણા ઘર કે ઘર બહાર, જાહેર સ્થળે આવેલ એ મંદિર – દેવાલય, મસ્જિદ કે ગુરુદ્વારાને – ત્યાં ઈશ્વર – અલ્હા કે માતાનો વાસ છે એમ માની સદૈવ તેને સ્વચ્છ અને સુઘડ રાખવાના અવિરત પ્રયાસો કરતા હોઈએ તો શરીરને કેમ નહીં ? શરીરમાં પણ તો ઈશ્વર વાસ કરે

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

છે ! 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' ખરેખર જો માણસ તન અને મનથી સ્વચ્છ અને સુઘડ હશે તો ચોક્કસ તે માણસમાં પ્રભુ – ઈશ્વર વાસ કરે છે. તે સ્વચ્છ – સુઘડ માણસ; નરમાંથી નરોત્તમ બને છે. અને આમ, નરોત્તમ બનવા માટે શિક્ષકે પોતે ખુદ તન અને મનથી સ્વચ્છ અને સુઘડ બનવું પડશે; સ્વચ્છ બનવું પડશે. આજે આપણી આસપાસ ઘણા એવા શિક્ષકો છે જે વ્યસનથી તરબતર છે. એવા વ્યસની શિક્ષકોએ વ્યસનથી મુક્ત બનવું પડશે. પોતે સ્વચ્છ સુઘડ; શિક્ષકને શોભે તેવા વસ્ત્રપરિધાન કરવા પડશે. શિક્ષકે પોતે પોતાનું એક આદર્શ વ્યક્તિત્વ ઊભું કરવું પડશે. તો અને તો જ વિદ્યાર્થીઓમાં પણ એક આદર્શ વ્યક્તિત્વ ઊભું કરી શકશે

❖ મિત્રતા :

સામાન્ય રીતે વિદ્યાર્થીઓ શિક્ષકમાં 'ગુરુપણું – મોટાપણું' નહીં પરંતુ મિત્રની ઝંખના કરે છે. શિક્ષકે પોતે મહાન છે એમ માનવાને બદલે એણે વિદ્યાર્થીઓના સાચા હમદર્દ – મિત્ર બનવું પડશે. તેણે ખરા અર્થમાં વિદ્યાર્થીઓના Friend, Philosofer and Guide બનવું પડશે. વિદ્યાર્થીઓ સાથે મિત્રતાપૂર્ણ વ્યવહાર કરીને આત્મીયતા કેળવવી પડશે. અને તેને એ રીતે તેને સન્માર્ગે વાળવાના પ્રયત્નો કરવા પડશે. શિક્ષકે મિત્રતા થકી વિદ્યાર્થીઓને સલામતી અને સહિષ્ણુતા પૂરી પાડવા પડશે. વિદ્યાર્થી મુક્ત રીતે પોતાની સમસ્યાઓ શિક્ષક સામે રજૂ કરી શકે તેવું વાતાવરણ પેદા કરવું પડશે અને શિક્ષકે તેને યોગ્ય અને સાચી દિશાનું માર્ગદર્શન પૂરું પાડવું પડશે.

અંતે, 'કૂવામાં હોય તો હવાડામાં આવે' આ ઊક્તિને સાર્થક કરતાં શિક્ષકે પોતાનામાં ઉપર્યુક્ત આ બધા જ માનવીય મૂલ્યો સંપાદિત કરી; તેનો વિકાસ કરવો પડશે. પોતે એક આદર્શ અનુકરણીય વ્યક્તિત્વ ઊભું કરી વિદ્યાર્થીઓ માટે એક નમૂનારૂપ જીવન પૂરું પાડવું પડશે. વિદ્યાર્થી હંમેશા અનુકરણીય અને અનુસરણીય હોય છે; તે સતત શિક્ષકને નીરખતો, અનુભવતો હોય છે; અને અનુકરણ અને અનુસરણ દ્વારા એના પરથી પોતાનું વર્તન વ્યવહાર કરતો હોય છે. શિક્ષકે પોતાના વર્તન વ્યવહાર

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

થકી આદર્શ ભૂમિકા પૂરી પાડવી પડશે. શિક્ષકે સદૈવ મૂલ્યનો આગ્રહી બની; મૂલ્યનિષ્ઠ બનવું જ રહ્યું. તો અને તો જ એ એક સારા મૂલ્યનિષ્ઠ સમાજનું નિર્માણ કરી શકશે.

મૂલ્યનિષ્ઠ – તંદુરસ્ત સમાજ નિર્માણમાં આ સંદર્ભે વિશેષમાં વિચારીએ તો શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓની ભૂમિકા વિશેષ છે. આ એક એવી તાલીમી સંસ્થા છે કે જ્યાં ભવિષ્યના સમાજ – રાષ્ટ્ર નિર્માતા નિર્માણ પામી રહ્યા છે. આજે તાલીમ લેતો આપણો તાલીમાર્થી આવતી કાલે શાળામાં જઈ ઉત્કૃષ્ટ – ઉમદા નાગરિકનું ઘડતર કરવાનો છે. માટે શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓની સમાજ ઘડતરમાં વિશેષ ભૂમિકા છે.

**'ज्योत से ज्योत जले ।'** એ ઊક્તિને સાર્થક કરતાં શિક્ષક – પ્રશિક્ષકે પારસમણી બનવાને બદલે દિપક બનવું પડશે. શિક્ષક પ્રશિક્ષણની સંસ્થાઓએ વિશેષ રસ, રુચિ અને વલણ દાખવીને સારા, ઉમદા, આદર્શ શિક્ષકો તૈયાર કરવા પડશે કે જે આગળ જતાં પોતાના થકી સારા ઉમદા નાગરિકો તૈયાર કરે.

તો ચાલો આપણે સૌ શિક્ષણ યજ્ઞમાં જોડાયેલ સૌ સારસ્વતો આ મૂલ્યોને અપનાવીએ એટલું જ નહીં; પણ એ મૂલ્યને આપણે રગેરગ ધારણ કરીને નમૂનારૂપ ઉદાહરણ પુરું પાડીએ. અને એમ કરીને આપણે એક સારા, ઉત્કૃષ્ટ, મૂલ્યનિષ્ઠ સમાજનું નિર્માણ કરીએ.